# સુરત મહાનગરપાલિકા
## જાહેરાત

સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ ખાલી રહેલ જગ્યાઓ માટે તા.૧૮/૦૯/૨૦૧૦ સુધીમાં પહોંચે તે રીતે નિયત લાયકાત, અનુભવ ધરાવનાર ઉમેદવારો પાસે નિયત ફોર્મમાં અરજીઓ પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર મંગાવવામાં આવે છે.

| (૧) | ***(૫૨) કાર્યપાલક ઈજનેર(હેડ વોટર વર્કસ) સંખ્યા–૧ (બિનઅનામત)*** |
|---|---|
| લાયકાત | બી.ઈ.(મીકે. અને ઈલે.) અથવા બી.ઈ.(ઈલે. અને મીકે.) અથવા બી.ઈ. (ઈલે.) અથવા એમ.ઈ. (ઈલે.)<br>***અનુભવ :*** ઉપરોકત પરીક્ષા પાસ કર્યા બાદ ઓછામાં ઓછી ૧૦ વર્ષની નોકરી/કામગીરીનો અનુભવ હોવો જરૂરી છે. તે પૈકી સરકારશ્રીના અથવા કોઈપણ મહાનગરપાલિકામાં ડે. ઈજનેર કે તેની સમકક્ષ જગ્યા પરનો ઓછામાં ઓછો ૪ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. જયારે સુરત મહાનગરપાલિકામાં કામ કરતા કર્મચારીઓ માટે જુનીયર ઈજનેર કે તેની સમકક્ષ જગા પરનો ઓછામાં ઓછો ૭ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. મોટા વોટર વર્કસની કામગીરી અને નિભાવના કામના અનુભવીને પસંદગીમાં અગ્રિમતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | વધુમાં વધુ ૪૫ વર્ષ. જો સુરત મહાનગરપાલિકાના કર્મચારી હોય તો ૫૫ વર્ષ સુધી. |
| પગારધોરણ | રૂા. 10000-15200(પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૬૬૦૦/–) |

| (૨) | ***(૪૧) શહેર વિકાસ અધિકારી સંખ્યા–૧ (બિનઅનામત)*** |
|---|---|
| લાયકાત | માન્ય વિદ્યાપીઠનાં આર્કીટેકચરલનાં સ્નાતક (બી.આર્ક. ) અથવા બી.ઈ.(સીવીલ) અને માન્ય વિદ્યાપીઠના કે સંસ્થાના સીટી પ્લાનીંગ રીજીયોનલ કે અર્બન ડીઝાઈનના પોસ્ટ ગ્રેજયુએટ ડીગ્રી અથવા ડીપ્લોમાં ધરાવનાર કે ટાઉન પ્લાનર્સની સંસ્થાની પરીક્ષા પાસ કરી મેમ્બરશીપ ધરાવનાર તેમજ પોસ્ટ ગ્રેજયુએટની લાયકાત પાસ કર્યા બાદ ઓછામાં ઓછી ૧૦ વર્ષની નોકરી / કામગીરીનો અનુભવ હોવો જરૂરી. |
| વયમર્યાદા | – |
| પગારધોરણ | રૂા. 10000-15200. (પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૬૬૦૦/–) |
| નોંધઃ– | શહેર વિકાસ અધિકારીની જગ્યા પર અગાઉ ફરજ બજાવી ગયેલ અધિકારી માટે કોર્ટ મેટર હોય કોર્ટના આખરી ચુકાદાને આધિન કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

| (૩) | (૧૩૭) ***રેસીડેન્ટ મેડીકલ ઓફીસર (અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ) સંખ્યા–૬*** (અ.જ.જા.–૨, સા.શૈ.પ.વ.–૩, બિનઅનામત–૧) | |
|---|---|---|
| લાયકાત | ૧ એમ.બી.બી.એસ અને ત્રણ વર્ષનો ઓબ્સ્ટ્રેટીકસ અને ગાયનેકોલોજીનો અનુભવ | રૂા.૮૦૦૦–૨૭૫–૧૩૫૦૦/–( પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૫૪૦૦/–) વત્તા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. |
| | અથવા<br>૨ એમ.બી.બી.એસ. ડી.જી.ઓ. | રૂા.૮૦૦૦–૨૭૫–૧૩૫૦૦/– ( પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૫૪૦૦/–) ના પગારધોરણમાં ૨(બે) એડવાન્સ ઈન્ક્રીમેન્ટ વત્તા મળવાપાત્ર અથ્ય ભથ્થાઓ. |
| | અથવા<br>૩ એમ.ડી.ડી.જી.ઓ/ એમ.ડી.(ગાયનેકોલોજી) | રૂા.૮૦૦૦–૨૭૫–૧૩૫૦૦/–(પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૫૪૦૦/– ) ના પગારધોરણમાં ૪ (ચાર) એડવાન્સ ઈન્ક્રીમેન્ટ વત્તા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. |
| વયમર્યાદા | – | |

| (૪) | ***(૧૫૬) જુનીયર મેડીકલ ઓફીસર (આઈસીસીયુ) સંખ્યા–૩***(સા.શૈ.પ.વ.–૧, બિનઅનામત–૨) |
|---|---|
| લાયકાત | એમ.ડી.(જનરલ મેડીસીન અથવા કાર્ડીયોલોજી) અથવા એમ.બી.બી.એસ. અને ત્રણ વર્ષનો કાર્ડીયોલોજી વિભાગ અથવા આઈ.સી.સી.યુ.ના અનુભવી. |
| વયમર્યાદા | - |
| પગારધોરણ | રૂા.૮૦૦૦–૧૩૫૦૦/–, ( પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૫૪૦૦/– ) |

| (૫) | ***(૧૪૧) જુનીયર મેડીકલ ઓફીસર સંખ્યા–૨૬*** (અ.જ.જા.–૮, સા.શૈ.પ.વ.–૪, બિનઅનામત–૧૪) |
|---|---|
| લાયકાત | એમ.બી.બી.એસ. ડી.એમ.આર.ઈ. |
| વયમર્યાદા | - |
| પગારધોરણ | રૂા.૮૦૦૦–૧૩૫૦૦/–, (પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૫૪૦૦/–) |

| **(6)** | **(196)Environment Engineer No. of Post-2( General )** |
|---|---|
| **Qualification** | B. E. (Civil)/B.Tech. with Environmental Engineering specialization,<br>B. E. / B. Tech. Environment preference will be given to M.E../M.Tech. Environment. |
| **Experience** | Minimum 2 years relating process/ utilities / Quality control operation / Waste Water Treatment or Water Management utilities (soft water/ D.M.water of others), candidate who possess master degree shall be given one year relaxation in experience. |
| **Age Limit** | Not more than 35 years age. The age limit will not to be applicable to the Surat Municipal Corporation employee. |
| **Payscale** | Rs. 8000-13500/- (Pay Bend 15600-39100, Grade pay 5400/-) |

| (૭) | ***(૨૦૧) આસી. એન્જીનીયર (સીવીલ) સંખ્યા–૨૩***<br>***(***અ.જા.–૨, અ.જ.જા.–૧૬, સા.શૈ.પ.વ.–૧, શા.ખો.ખા.–૩, બિનઅનામત–૧,) |
|---|---|
| લાયકાત | ઈજનેરી સીવીલ શાખાના સ્નાતક. |
| વયમર્યાદા | – |
| પગારધોરણ | રૂ.૮૦૦૦–૧૩૫૦૦/–, (પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૫૪૦૦/–) |

| (૮) | ***(૨૨૬) ડેપ્યુટી ટાઉન ડેવલપમેન્ટ ઓફીસર સંખ્યા–૧ (બિનઅનામત)*** |
|---|---|
| લાયકાત | માન્ય વિદ્યાપીઠનાં આર્કિટેકચરલના સ્નાતક (બી.આર્ક. ) અથવા બી.ઈ. (સીવીલ) અને માન્ય વિદ્યાપીઠનાં કે સંસ્થાના સીટી પ્લાનીંગ, રીજીયોજલ પ્લાનીંગ કે અર્બન ડીઝાઈનના પોસ્ટ ગ્રેજયુએટ ડીગ્રી અથવા ડીપ્લોમાં ધરાવનાર કે ટાઉન પ્લાનર્સના સંસ્થાની પરીક્ષા પાસ કરી મેમ્બરશીપ ધરાવનાર.<br>અનુભવ : બી.ઈ. (સીવીલ )અથવા બી. આર્કની ડીગ્રી મેળવ્યા બાદ ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરીનો અનુભવ. |
| વયમર્યાદા | વધુમાં વધુ ૪૫ વર્ષ. |
| પગારધોરણ | રૂ.૮૦૦૦–૧૩૫૦૦/–, (પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૫૪૦૦/–) |

| (૯) | ***(૧૭૭)કયુરેટર (સાયન્સ સેન્ટર) (બીજો પ્રયાસ) સંખ્યા–૧ (બિનઅનામત)*** |
|---|---|
| લાયકાત | એમ.ઈ./બી.ઈ.(મીકેનીકલ/ઈલેકટ્રોનીકસ/ઈલેકટ્રીકલ) પ્રથમ વર્ગમાં ઉતિર્ણ થયેલ હોવા જોઈએ અને સાયન્સ સેન્ટર અથવા મ્યુઝીયમ અથવા શિક્ષણ ક્ષેત્રનો એક વર્ષનો અનુભવ<br>અથવા<br>એમ.એસસી.(ફીઝીકસ) પ્રથમ વર્ગમાં ઉત્તિર્ણ થયેલ હોવા જોઈએ અને સાયન્સ સેન્ટર અથવા મ્યુઝીયમ અથવા શિક્ષણ ક્ષેત્રનો એક વર્ષનો અનુભવ. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | રૂ.૮૦૦૦–૧૩૫૦૦/–, (પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૫૪૦૦/–) |

| (૧૦) | ***(૫૦૨)સમાજ સંગઠક સંખ્યા–૧૦ (***અ.જા.–૧,અ.જ.જા.–૧, બિનઅનામત–૮) |
|---|---|
| લાયકાત | (અ) ગવર્નમેન્ટ ડીપાર્ટમેન્ટ કે લોકલ બોડી અથવા સ્વૈચ્છિક સંસ્થાના સોશીયલ વેલ્ફેર, સોશ્યલ એજયુકેશન કે કોમ્યુનીટી ડેવલપમેન્ટના માન્ય પ્રોગ્રામમાં બે વર્ષની સવેતન કામગીરીના અનુભવવાળા સ્નાતક.<br>(બ) અનુસ્નાતક કક્ષાની પદવી જેવી કે એમ.એ.(સમાજશાસ્ત્ર) એમ.એસ.ડબલ્યુ. તથા એમ.આર.એસ. પદવીઓ ધરવતા ઉમેદવારોને માટે ૨ વર્ષની પગારદારી અનુભવની શરતમાં છુટછાટ આપવામાં આવશે.<br>(ક) સોશ્યલ વર્કની ડીગ્રી અથવા ડીપ્લોમાં અથવા ગવર્નમેન્ટ કે ગવર્નમેન્ટના આસીસ્ટન્સથી ઉભી કરવામાં આવેલ સંસ્થાની સોશ્યલ એજયુકેશન વર્કની વધારાની લાયકાત ગણાશે. |
| વયમર્યાદા | ઓછામાં ઓછી ૨૪ વર્ષ વધુમાં વધુ ૨૮ વર્ષ. અનામત કેટેગરીની જગ્યા માટે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલી વયમર્યાદા છુટછાટ મળવાપાત્ર રહેશે. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ.૪૦૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૪૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૫૦૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી રૂ.૫૫૦૦–૯૦૦૦/– પે બેન્ડ ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે ૪૨૦૦ માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૧૧) | ***(૫૭૮) નર્સ (બી.પી.એન.એ.) સંખ્યા–૪૪***<br>***(***અ.જા.–૩, અ.જ.જા.–૧૬, સા.શૈ.પ.વ.–૧,શા.ખો.ખા.–૯, બિનઅનામત–૧૫) |
|---|---|
| લાયકાત | બી.પી.એન.એ. અથવા (૧) જનરલ નર્સીગ અને મીડવાઈફરી ના ડીપ્લોમાં(પુરૂષ વિદ્યાર્થી માટેનો વૈકલ્પિક કોર્ષ) અથવા સરકાર માન્ય યુનિવર્સીટી તરફથી નવો જનરલ પ્રોગ્રામ અથવા બી.એસસી.(નર્સીગ). (૨)ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જરૂરી છે. |
| વયમર્યાદા | વધુમાં વધુ ૩૫ વર્ષ, અનામત કેટેગરીની જગ્યા માટે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલી વયમર્યાદા છુટછાટ મળવાપાત્ર રહેશે. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ.૩૫૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૪૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૫૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી રૂ.૫૦૦૦–૮૦૦૦/– પે બેન્ડ ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે ૪૨૦૦ માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૧૨) | ***(૬૭૧)નર્સ (એ.એન.એમ) સંખ્યા–૧૭***<br>(અ.જા.–૩, અ.જ.જા.–૨, સા.શૈ.પ.વ.–૩,શા.ખો.ખા.–૪, બિનઅનામત–૫) |
|---|---|
| લાયકાત | એ.એન.એમ. ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જરૂરી છે. |
| વયમર્યાદા | વધુમાં વધુ ૩૫ વર્ષ, અનામત કેટેગરીની જગ્યા માટે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલી વયમર્યાદા છુટછાટ મળવાપાત્ર રહેશે. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ.૩૦૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૩૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂ.૪૦૦૦–૬૦૦૦/– પે બેન્ડ 5200-20200, ગ્રેડ પે 2400 માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૧૩) | ***(૭૯૦) કલાર્ક કમ કમ્પાઉન્ડીંગ આસીસ્ટન્ટ સંખ્યા–૨૬***<br>(અ.જા.–૧,અ.જ.જા.–૬, સા.શૈ.પ.વ.–૯, બિનઅનામત–૧૦) |
|---|---|
| લાયકાત | બી.એસસી.(કેમેસ્ટ્રી) પાસ કર્યા બાદ બે વર્ષનો હોસ્પીટલ ડીસ્પેન્સરીમાં કમ્પાઉન્ડીંગ કામનો અનુભવ. અથવા બી.ફાર્મ. અથવા ડી.ફાર્મ પાસ કર્યા બાદ બે વર્ષના અનુભવવાળા રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટ. જગ્યાને અનુરૂપ વિશિષ્ટ ઉચ્ચ લાયકાત/જાણકારી કે અનુભવ ધરાવનારને અગ્રિમતા આપવામા આવશે. |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહી અને ૨૮ વર્ષથી વધુ નહી. અનામત કેટેગરીની જગ્યા માટે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલી વયમર્યાદા છુટછાટ મળવાપાત્ર રહેશે. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૩૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ ૩૦૫૦–૪૫૯૦, પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦ માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૧૪) | ***(૭૧૬)ઈલેકટ્રીકલ વાયરમેન સંખ્યા–૪૮***<br>(અ.જા.–૫, સા.શૈ.પ.વ.–૧૩, શા.ખો.ખા.–૨, બિનઅનામત–૨૮) |
|---|---|
| લાયકાત | આઈ.ટી.આઈ. ઈલેકટ્રીશયન અથવા સેકન્ડ કલાસ વાયરમેનની પરીક્ષા પાસ, ઈલેકટ્રીકલ વાયરમેન તરીકેનો ત્રણ વર્ષનો અનુભવ, કેબલ જોઈન્ટર તરીકેના હાઈ ટેન્શન/લો ટેન્શન સ્વીચ ગીયરના કામના જાણકાર તેમજ જગ્યાને અનુરૂપ વિશિષ્ટ પ્રકારની જાણકારી/ઉચ્ચ લાયકાત કે વધુ અનુભવ ધરાવનારને અગ્રિમતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૨૮ વર્ષથી વધુ નહીં. અનામત કેટેગરીની જગ્યા માટે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલી વયમર્યાદા છુટછાટ મળવાપાત્ર રહેશે. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૩૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ ૩૦૫૦–૪૫૯૦, પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦ માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૧૫) | ***(૭૪૬)ઈન્સ્ટુમેન્ટેશન ટેકનીશ્યન સંખ્યા–૪*** (અ.જ.જા.–૧, બિનઅનામત–૩) |
|---|---|
| લાયકાત | આઈ.ટી.આઈ. (ઈન્સ્ટુમેન્ટેશન) |
| અનુભવ | ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન કન્ટ્રોલ સીસ્ટમ થીયરી/કામગીરીનો ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ. જુદી જુદી જાતના સ્વયંસંચાલિત ફીલ્ડ ઈન્સ્ટુમેન્ટ/ઈકવીપમેન્ટના સંચાલન તેમજ આપત્તી નિવારણની ક્ષમતા. પી.એલ.સી. બેઈઝ કન્ટોલ સીસ્ટમ તેમજ પાણી શુધ્ધિ કરણ અંગેના જુદા જુદા લેબોરેટરી સાધનોના સંચાલનનો અનુભવ. SCADA પ્રોજેકટની કામગીરીના અનુભવ ધરાવનારને અગ્રિમતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | વધુમાં વધુ ૩૫ વર્ષ, અનામત કેટેગરીની જગ્યા માટે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલી વયમર્યાદા છુટછાટ માળવાપાત્ર રહેશે. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૩૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ ૩૦૫૦–૪૫૯૦, પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦ માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૧૬) | ***(૮૩૪) જુનીયર કેમીસ્ટ સંખ્યા–૫*** (અ.જ.જા.–૨, બિનઅનામત–૩) |
|---|---|
| લાયકાત | બી.એસસી.(કેમેસ્ટ્રી) અને બે વર્ષનો લેબોરેટરી કામનો અનુભવ. |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહી અને ૨૮ વર્ષથી વધુ નહી, અનામત કેટેગરીની જગ્યા માટે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલી વયમર્યાદા છુટછાટ મળવાપાત્ર રહેશે. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૩૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ ૩૦૫૦–૪૫૯૦, પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦ માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૧૭) | *(૯૫૧) ડીસેક્શન હોલ એટેન્ડન્ટ સંખ્યા–૧ (સા.શૈ.પ.વ.)* |
|---|---|
| લાયકાત | ધોરણ ૭ પાસ<br>અનુભવઃ– મૃત માનવ શરીર અને તેના અંગો એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા, મૃત શરીરની યોગ્ય જાળવણી કરવી અને વિદ્યાર્થીઓના પ્રેક્ટીકલ બાદ માનવ અંગોનો નિકાલ કરવાના કામનો અનુભવ ધરાવતા હોય, પરંતુ આ કિસ્સામાં યોગ્ય ઉમેદવાર ન મળશે તો કમિશ્નરશ્રી લાયકાત તથા ઉમરમાં છૂટછાટ કરી શકાશે. |
| વયમર્યાદા | ૨૮ વર્ષથી વધુ નહી. અનામત કેટેગરીની જગ્યા માટે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલી વયમર્યાદા છુટછાટ મળવાપાત્ર રહેશે. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૧ તા.૨૪–૩–૨૦૦૩ તથા સા.સ.ઠ.નં. ૯૦૫ તા.૧૪–૧૦–૨૦૦૫ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂા. ૨૫૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૩૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૩૫૦૦/– પ્રતિ માસ ફીકસ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૨૬૫૦–૪૦૦૦/–, પે બેન્ડ ૪૪૪૦–૭૪૪૦ ગ્રેડ પે ૧૬૫૦ માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

***<u>નોંધઃ–</u>***

(૧) ઉપરોકત કેડરો માટે મળેલ અરજીઓમાંથી માન્ય થયેલ અરજીઓ પૈકી જાહેરાતની ક્રમ નં. ૪ અને ૯ ની બેઝીક લાયકાત અનુસ્નાતક ક્રમ નં.૧ થી ૩, ૫ થી ૮, ૧૦, ૧૩, ૧૬ ની બેઝીક લાયકાત સ્નાતક અથવા અનુસ્નાતક,ક્રમ નં.૧૧ ની બેઝીક લાયકાત સ્નાતક/ ડીપ્લોમાં , ક્રમ નં.૧૨ ની બેઝીક લાયકાત ડીપ્લોમાં, ક્રમ નં.૧૪ અને ૧૫ ની બેઝીક લાયકાત આઈ.ટી.આઈ. તેમજ ક્રમ નં.૧૭ ની બેઝીક લાયકાત ધો.–૭ કક્ષાએ જેમાં વધુ ટકાવારી મેળવેલ હશે તે ધ્યાને લઈને જાહેરાતમાં જણાવેલ જે તે કેટેગરીની જગ્યાની સંખ્યાથી પાંચ ઘણું લીસ્ટ તૈયાર કરવામાં આવશે, આ રીતે લીસ્ટ તૈયાર કરતાં છેવટના ક્રમાંકોમાં સરખી ટકાવારી માલુમ પડશે તો તેઓને લીસ્ટમાં સમાવવામાં આવશે. આ રીતે તૈયાર થયેલ લીસ્ટમાં સામેલ ઉમેદવારોએ ફકત લેખિત પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા પ્રાપ્ત કરેલી ગણવામાં આવશે અને આવા ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવશે, લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પાસ થયેલ ઉમેદવારોનું લીસ્ટ તૈયાર કરવામાં આવશે આવા ઉમેદવારોએ પ્રાયોગિક પરીક્ષા માટેનીપાત્રતા પ્રાપ્ત કરેલી ગણવામાં આવશે અને આ લીસ્ટના આધારે જયાં જરૂર હોય ત્યાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે પ્રાયોગિક પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોનું લીસ્ટ તૈયાર કરવામાં આવશે અને આવા ઉમેદવારોએ પર્સનલ ઈન્ટરવ્યુ માટેની પાત્રતા પ્રાપ્ત કરેલી ગણવામાં આવશે પસંદગી સમિતિ સમક્ષ પર્સનલ ઈન્ટરવ્યુમાં કરેલ દેખાવના આધારે મેળવેલ માર્કસ પ્રમાણે આખરી પસંદગીયાદી તૈયાર કરવામાં આવશે, જયાં પ્રાયોગિક પરીક્ષાની જરૂરીયાત ન હશે ત્યાં લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પાસ થયેલ ઉમેદવારોનું લીસ્ટ તૈયાર કરવામાં આવશે અને આવા ઉમેદવારોએ પર્સનલ ઈન્ટરવ્યુ માટેની પાત્રતા પ્રાપ્ત કરેલી ગણવામાં આવશે પસંદગી સમિતિ સમક્ષ પર્સનલ ઈન્ટરવ્યુમાં કરેલ દેખાવના આધારે મેળવેલ માર્કસ પ્રમાણે આખરી પસંદગીયાદી તૈયાર કરવામાં આવશે, નીચે સહી કરનાર એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને યોગ્ય જણાયે ઉપર જણાવેલ કોઈપણ જગ્યા માટે લેખિત પરીક્ષા લીધા વિના સીધા પસંદગી સમિતિ સમક્ષ પર્સનલ ઈન્ટરવ્યુમાં કરેલ દેખાવના આધારે મેળવેલ માર્કસ પ્રમાણે આખરી પસંદગીયાદી તૈયાર કરી શકાશે અને આમ કર્યા અંગેનું કોઈ કારણ આપવામાં આવશે નહીં.

(૨) ઉપરોકત નોંધ–૧ માં જણાવ્યા મુજબની બેઝીક લાયકાત માટે એકથી વધુ પ્રયત્ને પાસ થયેલ ઉમેદવારોને નોંધ નં.(૧) મુજબના લીસ્ટમાં સામેલ કરવામાં આવશે નહીં.

(૩) વયમર્યાદા પીઆરઓ.વિભાગની જાહેરાત આપ્યાની તારીખે ગણતરીમાં લેવામાં આવશે.

(૪) સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે નિયત કરેલ વયમર્યાદા લાગુ પડશે નહીં.

(૫) ઉમેદવારે માન્ય યુનિવર્સીટી અથવા સરકાર ધ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીગ્રી, ડીપ્લોમાં કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડીપ્લોમાં કે ડીગ્રી અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો સીધી ભરતી માટે માન્ય ગણવામાં આવશે, પરંતુ સુરત મહાનગરપાલિકાની સેવામાં દાખલ થયા બાદ ઉમેદવારે રાજય સરકારશ્રીના અભ્યાસક્રમ મુજબની CCC +/CCC ની પરીક્ષા સરકાર માન્ય કેન્દ્રો જેવા કે સ્પીપા, આઈ.ટી.આઈ. કે ટેકનીકલ પરીક્ષા બોર્ડ ધ્વારા નિયત સમય મર્યાદામાં પસાર કરવાની રહેશે. જેઓએ પ્રથમથી જ આ પરીક્ષા પાસ કરેલ હોય તેઓએ અરજી સાથે આ અંગેનું પ્રમાણપત્ર અચૂક જોડવાનું રહેશે.

(૬) ઉમેદવારે તેમની અરજીમાં જણાવેલ તમામ વિગતોની ખરાઈ માટે જરૂરી પુરાવાઓની પ્રમાણિત કરેલ નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.

(૧) ઉમરના પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર.
(૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, ડીગ્રી પ્રમાણપત્ર તથા એટેમ્પ સર્ટીફીકેટ.
(૩) જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યા માટે માંગેલ અનુભવનું પ્રમાણપત્ર.
(૪) સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ન વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૭) સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ ધ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઈ શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાની રહેશે.

(૮) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાનો સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૯) ટપાલ મારફતે અરજી ફોર્મ મંગાવનારે અરજી ફોર્મ ભરીને પરત સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં પહોંચાડવાની રહેશે.

(૧૦) ઉમેદવારે નિયત ફોર્મ જરૂરી પુરાવાઓની પ્રમાણિત કરેલ નકલ સાથેની અરજી આપ્યા બાદ પાછળથી અન્ય પુરાવા રજુ કરવામાં આવશે તો તે ગ્રાહય રાખવામાં આવશે નહીં.

(૧૧) લેખિત તેમજ પ્રાયોગિક પરીક્ષા અંગેનો કાર્યક્રમ માન્ય થયેલ અરજીઓના ઉમેદવારોને અલગથી પત્ર ધ્વારા જણાવવામાં આવશે.

(૧૨) નીચે દર્શાવેલ કારણોસર અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.(રદ થવાને પાત્ર રહેશે)

(૧) ઉમેદવારે અરજીપત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજીપત્રકમાં ચોટાડેલ ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બન્ને જગ્યાએ)
(૨) ઉમેદવારોએ અરજીપત્રકમાં માજી સૈનિકની કેટેગરી દર્શાવી હશે પરંતુ ફરજનો ગાળો બતાવેલ ન હોય
(૩) અરજદારે અરજીપત્રકના કોલમની કેટેગરી પૈકી એકપણ કેટેગરી ન બતાવેલ હોય

(૪) જે તે કેડરની જગ્યા માટે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલામો પ્રયાસ બતાવેલ ન હોય
(૫) અરજદારે અરજીપત્રકના જન્મતારીખના કોલમમાં જન્મ તારીખ બતાવી ન હોય, અધૂરી બતાવી હોય અથવા જન્મતારીખમાં અવાસ્તવિક વર્ષ–માસ–દિવસ બતાવેલ હોય.
(૬) અરજદારે જાહેરાતમાં જણાવેલ લઘુતમ વયમર્યાદા ૧૮ વર્ષ (પી.આર.ઓ. વિભાગની તારીખે) ન ધરાવતા હોય
(૭) જુદી જુદી કેટેગરી માટે નકકી કરેલ મહતમ વયમર્યાદાથી વધુ ઉંમર પી.આર.ઓ. વિભાગની તારીખે ધરાવતા હોય
(૮) માજી સૈનિક તરીકે મળવાપાત્ર કેટેગરીવાઈઝ વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય
(૯)બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદ અસરથી રદ કરવામાં આવશે
(૧૦) નિયત મૂળ ફોર્મમાં અરજી કરી ન હોય
(૧૧) અરજીપત્રકમાં છેકછાક કરવામાં આવી હોય
(૧૨) અરજી સાથે માન્ય જરૂરી પુરાવા સામેલ કરેલ ન હોય

ઉપરોકત જગ્યાઓ માટે અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ૨–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં ક્રમ નં. ૧ થી ૯ માટે રૂા.૫૦/–, ક્રમ નં. ૧૦ થી ૧૬ માટે રૂા. ૨૫/– તેમજ ક્રમ નં.૧૭ માટે રૂા.૧૦ /–ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો જ ક્રમ નં. ૧ થી ૯ માટે રૂા.૫૦/– , ક્રમ નં. ૧૦ થી ૧૬ માટે રૂા. ૨૫/– તેમજ ક્રમ નં.૧૭ માટે રૂા.૧૦ /– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવમાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોષ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી અત્રેની રહેશે નહીં.

***અરજી મોકલવાનું સરનામુ :*** – ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫,
પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

સહી/– એસ. અપર્ણા
***મ્યુનિસીપલ કમિશ્નર,***
***સુરત મહાનગરપાલિકા.***

નં.પી.આર.ઓ./ ૨૯૫/૨૦૧૦–૧૧
તા.૨૫/૦૮/૨૦૧૦.

# સુરત મહાનગરપાલિકા

# પીઆરઓ નં.૨૯૫/૨૦૧૦–૨૦૧૧ થી પ્રસિધ્ધ થયેલ જાહેરાતમાં સુધારો

સુરત મહાનગરપાલિકાની તા.૨૬–૮–૨૦૧૦ ના રોજ પીઆરઓ નં.૨૯૫/૨૦૧૦–૨૦૧૧ થી પ્રસિધ્ધ થયેલ જાહેરાતથી માંગવામાં આવેલ અરજી અંગે નીચે મુજબનો સુધારો વાંચવો.

અ. નં. ૫ (૧૪૧) જુનીયર મેડીકલ ઓફીસર :– સદરહુ જગ્યા ભરવા અંગે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલી સંપુર્ણ જાહેરાતમાં જણાવેલ લાયકાત " એમ.બી.બી.એસ., ડી.એમ.આર.ઈ." ને બદલે "એમ.બી.બી.એસ." વાંચવું.

અ. નં. ૮ (૨૨૬) ડેપ્યુટી ટાઉન ડેવલપમેન્ટ ઓફીસર :– સદરહુ જગ્યા ભરવા અંગે હાલ મુલતવી રાખવામાં આવેલ હોય, આ જગ્યા માટે અરજી કરવાની રહેતી નથી અને જો આ જગ્યા માટે અરજી મળશે તો તે રદ થયેલીગણાશે.

અ. નં. ૭ (૨૦૧) આસી.ઈજનેર(સિવિલ) :– સદરહુ જગ્યાની વયમર્યાદા બાબતે વધુમાં વધુ ૩૫ વર્ષ, અનામત કેટેગરીની જગ્યા માટે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલી વયમર્યાદા છુટછાટ મળવાપાત્ર રહેશે.

નોંધઃ– આપેલ જાહેરાતમાં જયાં ઉમરનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી ત્યાં અગાઉ આ પ્રકારની જગ્યાઓ ભરવા માટે જે ઉમર ધ્યાને લેવામાં આવેલ હશે તે ધ્યાને લેવામાં આવશે.

વધુ વિગત/ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in. પરથી મળી રહેશે.

સહી/–
ડેપ્યુટી કમિશ્નર (પ અને ઈ)
સુરત મહાનગરપાલિકા.

નં.પી.આર.ઓ/ ૩૧૬/ ૨૦૧૦–૨૦૧૧
સુરત, તા.૨૮/૦૮/૨૦૧૦